ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૦૨.૧૧.૨૦૧૯

આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે "પ્રદેશ બેઠક" યોજાઇ.

------------

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તેમજ ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણીએ "પ્રદેશ બેઠક"માં ઉપસ્થિત સૌને નૂતન વર્ષ તેમજ છઠ્ઠ પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ સંગઠન સંરચના અંતર્ગત બૂથસમિતિ-મંડલસમિતિની રચના અંગે ઉપસ્થિત સૌ આગેવાનો સાથે વિશદ્ છણાવટ કરી માર્ગદર્શન આપ્યુ હતુ.

------------

ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા નવા વર્ષમાં નવા ઉમંગ-ઉત્સાહ સાથે ભારત માતાને વિશ્વગુરુના સ્થાને બિરાજમાન કરવાના ઉદ્દેશને સિધ્ધ કરવા હેતુ અવિરતપણે કર્મ કરતો રહે તેવી શુભેચ્છા - શ્રી વિજયભાઇ રૂપાણી

------------

આજે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં ભાજપા વિશ્વની સૌથી વિશાળ લોકતાંત્રિક રાજનૈતિક પાર્ટી બની છે તેનો શ્રેય બૂથ-મંડલ-જીલ્લાસ્તરે કર્તવ્યનિષ્ઠા સાથે સંગઠનમાં કર્મ કરતા કરોડો કાર્યકર્તાઓને જાય છે. - શ્રી વિજયભાઇ રૂપાણી

------------

ગુજરાતમાં પ્રત્યેક વર્ગ-સમાજ-વિસ્તારમાં ભાજપાની "સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ" તથા એકાત્મવાદની વિચારધારા કાર્યકરોના ત્યાગ-પરિશ્રમ અને વિશાળના સંગઠનશક્તિના કારણે પહોંચી શકી છે.
- શ્રી વિજયભાઇ રૂપાણી

------------

ભાજપા સંગઠન પર્વ-સંગઠન સંરચના અન્વયે બૂથસમિતિ-મંડલસમિતિ સંરચના બાબતે ઉપસ્થિત હોદ્દેદારશ્રીઓને પ્રેરક માર્ગદર્શન કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી

------------

"મા ભારતી"ને પરમ વૈભવના શિખરે બિરાજમાન કરવા, "નયા ભારત"ના નિર્માણ માટે, "એક ભારત શ્રેષ્ઠ ભારત" બનાવવા માટે, આગામી પેઢી સમૃધ્ધિના ખોળામાં રમે તે માટે, શક્તિશાળી ભારતના નિર્માણ માટે ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા અવિરતપણે પરિશ્રમ કરતો રહે – શ્રી જીતુભાઇ વાઘાણી

------------

આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે "પ્રદેશ બેઠક" યોજાઇ હતી.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પ્રદેશ બેઠકમાં ઉપસ્થિત સૌને નૂતન વર્ષ તેમજ છઠ્ઠ પર્વની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યુ હતુ કે, ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા નવા વર્ષમાં નવા ઉમંગ-ઉત્સાહ સાથે ભારત માતાને વિશ્વગુરુના સ્થાને બિરાજમાન કરવાના ઉદ્દેશને સિધ્ધ કરવા હેતુ અવિરતપણે કર્મ કરતો રહે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, આજે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં ભાજપા વિશ્વની સૌથી વિશાળ લોકતાંત્રીક રાજનૈતિક પાર્ટી બની છે તેનો શ્રેય બૂથ-મંડલ-જીલ્લાસ્તરે કર્તવ્યનિષ્ઠા સાથે સંગઠનમાં કર્મ કરતા કરોડો કાર્યકર્તાઓને જાય છે.

શ્રી રૂપાણીએ જણાવ્યુ હતુ કે, ગુજરાતમાં પ્રત્યેક વર્ગ-સમાજ-વિસ્તારમાં ભાજપાની ‘‘સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ’’ તથા એકાત્મવાદની વિચારધારા કાર્યકરોના ત્યાગ-પરિશ્રમ અને વિશાળના સંગઠનશક્તિના કારણે પહોંચી શકી છે. સતત છઠ્ઠીવાર વિધાનસભાની ચૂંટણીઓમાં ગુજરાતની જનતાએ ભાજપા પર વિશ્વાસ મૂક્યો છે અને વર્ષોથી પ્રજા ભાજપાને આશીર્વાદ આપી સત્તાનું સુકાન સોંપી રહી છે તે ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાઓને ગૌરવ અપાવનારી બાબત છે. છેવાડાના માનવી સુધી વિકાસના ફળો પહોચાડવા માટે મજબૂત સરકારની સાથે સાથે મજબૂત સંગઠન અનિવાર્ય છે. સંગઠનથી જ સત્તાનો જન્મ થાય છે. કરોડો કાર્યકર્તાઓના તપ-કર્મ-કતૃત્વથી જ ભાજપા ઉજળી છે.

શ્રી રૂપાણીએ સંગઠન સંરચના અંતર્ગત બૂથસમિતિ-મંડલસમિતિની રચના અંગે ઉપસ્થિત સૌ આગેવાનોને વિશદ્ છણાવટ કરી માર્ગદર્શન આપ્યુ હતુ.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ઉપસ્થિત સૌને નવા વર્ષની શુભાકામનાઓ પાઠવી હતી. શ્રી વાઘાણીએ ભાજપા સંગઠન પર્વ-સંગઠન સંરચના અન્વયે બૂથસમિતિ-મંડલસમિતિ સંરચના બાબતે ઉપસ્થિત હોદ્દેદારશ્રીઓ પાસેથી રિપોર્ટીંગ લઇ વિસ્તૃતમાં ચર્ચા-વિચારણા કરી જરૂરી સૂચનો કરી માર્ગદર્શન આપ્યુ હતુ.

શ્રી વાઘાણીએ ‘‘મા ભારતી’’ને પરમ વૈભવના શિખરે બિરાજમાન કરવા, ‘‘નયા ભારત’’ના નિર્માણ માટે, ‘‘એક ભારત શ્રેષ્ઠ ભારત’’ બનાવવા માટે, આગામી પેઢી સમૃધ્ધિના ખોળામાં રમે તે માટે, શક્તિશાળી ભારતના નિર્માણ માટે અવિરતપણે પરિશ્રમ કરવા માટે ઉપસ્થિત સૌને હાકલ કરી હતી.

પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાએ ઉપસ્થિત સૌને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી અને પારસ્પરિક સંવાદસેતુ દ્વારા સંગઠન પર્વની કામગીરી અંગે સંગઠનાત્મક માર્ગદર્શન આપ્યુ હતુ.

આજની આ પ્રદેશ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા સહિત પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, મોરચાના પ્રદેશ પ્રમુખશ્રીઓ, જીલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓ, જીલ્લા/મહાનગરના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, સંગઠન પર્વના પ્રદેશ અને ઝોન ઇન્ચાર્જ-સહઇન્ચાર્જશ્રીઓ, સંગઠન પર્વના જીલ્લા/મહાનગરના ઇન્ચાર્જશ્રીઓ તથા પ્રદેશ દ્વારા નિયુક્ત કરેલ જીલ્લા/મહાનગરના સંરચના અધિકારીશ્રીઓ તથા સહ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા.૦૨.૧૧.૨૦૧૯

------------

**આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ્'' ખાતે ''પ્રદેશ બેઠક'' યોજાઇ - શ્રી ભરત પંડ્યા**

------------

**તારીખ ૧ નવેમ્બર થી ૧૦ નવેમ્બર સુધી મંડલ સઃ સંરચના શરૂ કરવામાં આવનાર છે.**
**તારીખ ૧૫ નવેમ્બરથી જીલ્લા પ્રમુખ અને જીલ્લા સમિતિની સંરચના શરૂ કરવામાં આવશે.**
**કેન્ટ્રીય સંગઠનના માર્ગદર્શન મુજબ ડીસેમ્બર મહિના દરમ્યાન પ્રદેશ પ્રમુખ અને પ્રદેશ સમિતિની સંરચના કરવામાં આવશે.**
**નૂતન વર્ષ નિમિત્તે તારીખ ૨૮ ઓકટોબર થી ૧૦ નવેમ્બર સુધી સ્નેહમિલન કાર્યક્રમો યોજાશે.**
**- શ્રી ભરત પંડ્યા**

------------

ભાજપા પ્રદેશ પ્રવક્તા શ્રી ભરત પંડ્યાએ પત્રકાર મિત્રોને નૂતન વર્ષ ૨૦૭૬ તેમજ છઠ્ઠ પૂજાની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યુ હતુ કે, આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ્'' ખાતે સવારે ૧૦.૩૦ કલાકથી ભાજપાના સંગઠન પર્વ સંદર્ભે **''પ્રદેશ બેઠક''** યોજાઇ હતી.

શ્રી પંડ્યાએ વિસ્તૃત માહિતી આપતા જણાવ્યુ હતુ કે, આ પ્રદેશ બેઠકમાં ગત કાર્યક્રમોનું રિપોર્ટીંગ તેમજ સંગઠન સંરચના સંદર્ભે આવનારી **તારીખ ૧ નવેમ્બર થી ૧૦ નવેમ્બર સુધી મંડલ સઃ સંરચના** શરૂ કરવામાં આવનાર છે. બૂથ સમિતિની રચના તમામ મંડલમાં પૂર્ણ થઇ ચૂકી છે. **તારીખ ૧૫ નવેમ્બરથી જીલ્લા પ્રમુખ અને જીલ્લા સમિતિની સંરચના** શરૂ કરવામાં આવશે. ત્યારબાદ કેન્ટ્રીય સંગઠનના માર્ગદર્શન મુજબ આવનાર **ડીસેમ્બર મહિના દરમ્યાન પ્રદેશ પ્રમુખ અને પ્રદેશ સમિતિની સંરચના** કરવામાં આવશે.

**નૂતન વર્ષ નિમિત્તે તારીખ ૨૮ ઓકટોબર થી ૧૦ નવેમ્બર સુધી સ્નેહમિલન** કાર્યક્રમો યોજાશે. આ સ્નેહમિલનમાં પ્રદેશના હોદ્દેદારશ્રીઓ, પ્રભારીશ્રીઓ, મંત્રીશ્રીઓ તેમજ ચૂંટાયેલા પ્રતિનિધિશ્રીઓ કાર્યકરોને માર્ગદર્શન આપશે. આ સ્નેહમિલનમાં ૩૭૦ની કલમ નાબૂદ કરવા સંદર્ભે, નમામિ દેવી નર્મદે અને ત્રણ વર્ષ દરમ્યાન પ્રદેશ સંગઠન દ્વારા થયેલ કાર્યક્રમોની પ્રદર્શની દર્શાવવામાં આવશે.

આ પ્રદેશ બેઠકમાં પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, મોરચાના પ્રદેશ પ્રમુખશ્રીઓ, જીલ્લા/મહાનગરના પ્રભારીશ્રીઓ, જીલ્લા/મહાનગરના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, સંગઠન પર્વના પ્રદેશ અને ઝોન ઇન્ચાર્જ-સહઇન્ચાર્જશ્રીઓ, સંગઠન પર્વના જીલ્લા/મહાનગરના ઇન્ચાર્જશ્રીઓ તથા પ્રદેશ દ્વારા નિયુક્ત કરેલ જીલ્લા/મહાનગરના સંરચના અધિકારીશ્રીઓ તથા સહ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ શ્રી પંડ્યાએ અંતમાં જણાવ્યુ હતુ.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ